# Veer Narmad South Gujarat University, Surat

Re-accredited by NAAC with 'B++' grade

सत्यम् ज्ञानम् अनन्तम्

## ઈ–દક્ષિણાયન

**Dakshinayan e-Newsletter**

For Private Circulation Only



Vol. 17, Issue. 285, May 2026


પ્રિય વાચક મિત્રો,

### જય જય ગરવી ગુજરાતઃ સ્થાપના, પ્રગતિ અને ભવ્ય સાંસ્કૃતિક વિરાસતનો ત્રિવેણી સંગમ

દર વર્ષે ૧ મે ના દિવસને આખું વિશ્વ 'ગુજરાત સ્થાપના દિન' અથવા 'ગુજરાત ગૌરવ દિવસ' તરીકે અત્યંત ઉત્સાહપૂર્વક ઉજવે છે. ઈ.સ. ૧૯૬૦માં એક નાનકડા અને સૂકા ભૌગોલિક વિસ્તાર તરીકે શરૂ થયેલું ગુજરાત આજે ભારતનું સૌથી પ્રગતિશીલ, આર્થિક રીતે સમૃદ્ધ અને સાંસ્કૃતિક રીતે ભવ્ય રાજ્ય બન્યું છે. શૂન્યમાંથી સર્જન કરીને વૈશ્વિક નકશા પર પોતાની અનોખી ઓળખ ઊભી કરનાર ગુજરાત રાજ્યનો ઈતિહાસ, તેની વિકાસયાત્રા અને તેનો અણમોલ સાંસ્કૃતિક વારસો આજે દરેક યુવા પેઢી માટે ખૂબ જ પ્રેરણાદાયી છે. આ ભૂમિ માત્ર ઉદ્યોગ સાહસિકોની જ નથી, પરંતુ સંતો, શૂરવીરો, કવિઓ અને ક્રાંતિકારીઓની પવિત્ર ભૂમિ છે. જેમણે વૈશ્વિક સ્તરે ભારતનું મસ્તક હંમેશાં ઊંચું રાખ્યું છે.

ગુજરાત રાજ્યની સ્થાપના પાછળ એક મોટો, સંઘર્ષમય અને પ્રેરણાદાયી ઈતિહાસ છુપાયેલો છે. આઝાદી પછી ભારત સરકાર દ્વારા જ્યારે ભાષા આધારિત રાજ્યોની પુનઃરચના કરવામાં આવી રહી હતી, ત્યારે અત્યારનું ગુજરાત અને મહારાષ્ટ્ર બંને 'બૃહદ્ મુંબઈ' નામના એક જ મોટા રાજ્યનો ભાગ હતા. ગુજરાતી ભાષા બોલતા લોકો માટે પોતાનું એક અલગ, સ્વાયત્ત રાજ્ય હોવું જોઈએ અનેપોતાની અસ્મિતાનો વિકાસ થવો જોઈએ, તેવા દૃઢ સંકલ્પ સાથે વર્ષ ૧૯૫૬માં 'મહાગુજરાત આંદોલન'ની શરૂઆત થઈ. આ ઐતિહાસિક લોક–આંદોલનનું નેતૃત્વ આદરણીય ઈન્દુલાલ યાજ્ઞિક (ઈન્દુચાચા) એ કર્યું હતું. તેમના સબળ, નિઃસ્વાર્થ અને જુસ્સાદાર નેતૃત્વ હેઠળ લાખો ગુજરાતીઓ એકઠા થયા અને એક અત્યંત શાંતિપૂર્ણ, શિસ્તબદ્ધ તેમજ મજબૂત આંદોલન ચલાવ્યું. આ વ્યાપક લોક–આંદોલનના પરિણામે આખરે તત્કાલીન સરકારને નમવું પડયું અને ૧ મે, ૧૯૬૦ના રોજ મુંબઈ રાજયમાંથી બે અલગ રાજ્યો અસ્તિત્વમાં આવ્યા ગુજરાત અને મહારાષ્ટ્ર. નૂતન ગુજરાત રાજ્યનું ભવ્ય ઉદ્ઘાટન સાબરમતી આશ્રમ, અમદાવાદ ખાતે પૂજ્ય રવિશંકર મહારાજના વરદ હસ્તે થયું હતું અને રાજયના પ્રથમ મુખ્યમંત્રી તરીકે ડૉ. જીવરાજ મહેતાએ શપથ લઈને રાજયની પ્રગતિના પાયા નાખ્યા હતા.

આજે સ્થાપનાના દશકો પછી ગુજરાતને ભારતનું 'ગ્રોથ એન્જિન' કહેવામાં આવે છે, કારણ કે દેશના આર્થિક વિકાસ અને જીડીપી (GDP)માં ગુજરાતનો સિંહફાળો રહ્યો છે. સુરતનો વિશ્વપ્રસિદ્ધ હીરા ઉદ્યોગ અને અદભુત ટેક્સટાઈલ માર્કેટ, અમદાવાદનું ઐતિહાસિક કાપડ બજાર, જામનગરની વિશ્વની સૌથી મોટી રિફાઇનરી અને પેટ્રોકેમિકલ્સ હબ, મોરબીનો સમગ્ર વિશ્વમાં ડંકો વગાડતો સિરામિક ઉદ્યોગ અને અદ્યતન ફાર્માસ્યુટિકલ ક્ષેત્રે ગુજરાત આજે ગ્લોબલ લીડર બન્યું છે. ગાંધીનગરમાં આવેલી ગિફ્ટ સિટી આજે આંતરરાષ્ટ્રીય ફાઇનાન્સ અને ટેકનોલોજીનું એવું મોટું હબ બની ચૂકી છે જે સિંગાપોર, લંડન અને દુબઈ જેવા વૈશ્વિક નાણાકીય કેન્દ્રોને સીધી ટક્કર આપે છે. આ ઉપરાંત, કુદરતે ગુજરાતને ભારતમાં સૌથી લાંબો દરિયાકિનારો બક્ષ્યો છે. કંડલા, મુંદ્રા, પીપાવાવ અને દહેજ જેવા અત્યંત આધુનિક અને વ્યસ્ત બંદરો (Ports) દ્વારા ભારતનો મોટાભાગનો આંતરરાષ્ટ્રીય વેપાર–વાણિજય આ ભૂમિ પરથી જ સંચાલિત થાય છે.



# Veer Narmad South Gujarat University, Surat

Re-accredited by NAAC with 'B++' grade

सत्यम् ज्ञानम् अनन्तम्



## ઈ–દક્ષિણાયન

**Dakshinayan e-Newsletter**

For Private Circulation Only

**Vol. 17, Issue. 285, May 2026**


આર્થિક પ્રગતિની અદભુત ઉડાન સાથે ગુજરાતનો સાંસ્કૃતિક વારસો પણ હજારો વર્ષ જૂનો, અતિ ભવ્ય અને વૈવિધ્યસભર છે. તે કલા, અજોડ સ્થાપત્ય, પરંપરાગત ઉત્સવો અને ધબકતા લોકજીવનનો એક અદભુત સંગમ છે. વિશ્વની સૌથી જૂની અને આયોજનબદ્ધ નગર સંસ્કૃતિ એટલે કે સિંધુ ખીણની સભ્યતાના જીવંત અવશેષો ગુજરાતના લોથલ અને ધોળાવીરામાં જોવા મળે છે. ધોળાવીરાની ઉત્કૃષ્ટ વોટર મેનેજમેન્ટ સિસ્ટમ આજે પણ એન્જિનિયરોને આશ્ચર્યચકિત કરે છે અને તેને યુનેસ્કો (UNESCO) દ્વારા વર્લ્ડ હેરિટેજ સાઇટ જાહેર કરાયું છે. આ સિવાય, સ્થાપત્ય કલાની પરાકાષ્ઠા સમી પાટણની રાણકી વાવ (જે આપણી ૧૦૦ રૂા. ની ચલણી નોટ પર પણ ગૌરવભેર અંકિત છે), મોઢેરાનું સૂર્યના પ્રથમ કિરણને ઝીલતું ભવ્ય સૂર્ય મંદિર અને ચાંપાનેરનો પૌરાણિક કિલ્લો ગુજરાતના ભવ્ય ભૂતકાળની સાક્ષી પૂરે છે. ભારતનું સૌપ્રથમ 'વર્લ્ડ હેરિટેજ સિટી' નું બહુમાન મેળવનાર અમદાવાદ શહેર તેની પૌરાણિક પોળો, કાષ્ઠકળા અને નકશીદાર સીદી સૈયદની જાળી માટે સમગ્ર વિશ્વમાં આકર્ષણનું કેન્દ્ર છે.

ગુજરાતની જનતા મૂળથી જ ઉત્સવપ્રિય અને આનંદી છે. ગુજરાતની આરાધનાનું પર્વ એટલે નવરાત્રી, જે વિશ્વનો સૌથી લાંબો ચાલતો લોકનૃત્ય મહોત્સવ છે. તાળીઓના તાલ અને ગરબાની રમઝટ માત્ર ગુજરાત પૂરતી સીમિત નથી રહી. તાજેતરમાં જ ગુજરાતના પરંપરાગત ગરબાને યુનેસ્કો (UNESCO)ની અમૂર્ત સાંસ્કૃતિક વિરાસત (Intangible Culture Heritage)ની પ્રતિષ્ઠિત યાદીમાં સ્થાન મળ્યું છે, જે દરેક ગુજરાતીના હૃદયને ગર્વથી ભરી દે છે. મકરસંક્રાંતિનો આકાશને રંગબેરંગી બનાવતો 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ', કચ્છના શ્વેત રણમાં યોજાતો ભવ્ય 'રણોત્સવ', ભક્તિ અને લોકજીવનનો ત્રિવેણી સંગમ રચતો 'તરણેતરનો મેળો' અને 'શામળાજીનો મેળો' એ ગુજરાતની ધબકતી લોક–સંસ્કૃતિના અણમોલ પ્રતિક છે. પ્રવાસનની દ્રષ્ટિએ પણ નર્મદા કિનારે બનેલી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી', શાસણ–ગીરના જંગલોમાં વિહરતા એશિયાટીક સિંહ અને સૌરાષ્ટ્રના સમુદ્ર કિનારે બિરાજતા ભગવાનશ્રી સોમનાથ તેમજ દ્વારકા જેવા પવિત્ર તીર્થસ્થળો આજે વૈશ્વિક ટુરિઝમ મેપ પર ચમકી રહ્યા છે. હસ્તકલા ક્ષેત્રે પેઢીઓથી ચાલી આવતી કલા એટલે કે બંને બાજુ એક જ સરખી ભાત ધરાવતા પાટણના અજોડ પટોળા, કચ્છનું બારીક સૂફ અને રબારી ભરતકામ, કાપડ પર તેલના રંગોથી થતી રોગાન આર્ટ અને જામનગર–જેતપુરની પરંપરાગત રંગબેરંગી બાંધણીઓ આજે આંતરરાષ્ટ્રીય ફેશન ડિઝાઇનર્સની પહેલી પસંદ બની ગઈ છે.

અધ્યાત્મ, સાહિત્ય અને ભાષાની દ્રષ્ટિએ પણ આ ભૂમિનો ખોળો અતિ સમૃદ્ધ છે. દ્વારકાધીશની નગરી દ્વારકા, દ્વાદશ જયોતિર્લિંગમાં પ્રથમ એવું સોમનાથ મહાદેવ, ઉગતા સૂર્યના પ્રદેશ જેવું અંબાજી, પાવાગઢ અને જૈન ધર્મનું પવિત્ર શાશ્વત તીર્થ પાલીતાણા ગુજરાતને અલૌકિક આધ્યાત્મિક ઉર્જા પૂરી પાડે છે. સાહિત્યિક ક્ષેત્રે આદિકવિ નરસિંહ મહેતાના હૃદયસ્પર્શી પ્રભાતિયા, મીરાંબાઈના કૃષ્ણપ્રેમમાં ડૂબેલા પદો, કવિ નર્મદની ક્રાંતિકારી કવિતાઓ, અખો, પ્રેમાનંદના આખ્યાનો અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું સમગ્ર વિશ્વને સત્યનો રાહ ચીંધતું 'સત્યના પ્રયોગો' પુસ્તક આ બધાએ ગુજરાતી ભાષા અને સંસ્કારોના વારસાને વૈશ્વિક સ્તરે અમર કર્યો છે. ઝવેરચંદ મેઘાણીનું લોકસાહિત્ય અને કનૈયાલાલ મુનશીની નવલકથાઓ આજે પણ વાચકોમાં રોમાંચ અને દેશભક્તિની ભાવના જગાવે છે.

પરંતુ ગુજરાતની સૌથી મોટી તાકાત તેનો અનોખો લોકસ્વભાવ અને 'ગુજરાતી અસ્મિતા' છે. ગુજરાતીઓ તેમની અથાક મહેનત, અજોડ વેપાર સૂઝ, સાહસિક વૃત્તિ અને હસતા મુખે કરાતા અતિથિ સત્કાર (મહેમાનગતિ) માટે સુવિખ્યાત છે. "જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત" એ ઉક્તિ મુજબ વિશ્વના કોઈપણ ખૂણે, સાત સમુદ્ર પાર જઈને પણ શૂન્યમાંથી પોતાનું સામ્રાજય ઊભું કરવું અને ત્યાંના લોકજીવનમાં દૂધમાં સાકરની જેમ ભળી જવું એ ગુજરાતીઓનો મૂળભૂત સ્વભાવ છે. મહાત્મા ગાંધી અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ જેવી યુગપુરુષ વિભૂતિઓ આપનારી આ પૂજય ભૂમિ આજે પણ સમગ્ર દેશમાં શાંતિ, એકતા, સ્ત્રી સુરક્ષા અને સામાજિક સલામતી માટે સર્વશ્રેષ્ઠ અને આદર્શ માનવામાં આવે છે.

ગુજરાતની આ ભવ્ય સાંસ્કૃતિક વિરાસત, આર્થિક મોડેલ અને નૈતિક મૂલ્યો માત્ર ઈતિહાસના સુવર્ણ પાનાઓમાં કેદ નથી, પરંતુ આજના આધુનિક, ડીજીટલ અને ગ્લોબલ યુગમાં પણ આપણી યુનિવર્સિટીના નવયુવાનો અને નવી પેઢી તેને એટલા જ ગર્વ, સન્માન અને ઉત્સાહથી જીવી રહી છે. સ્થાપના કાળના કપરા સમયથી શરૂ કરીને આજના વૈશ્વિક પ્લેટફોર્મ સુધી, ગુજરાતે વારંવાર સાબિત કર્યું છે કે જો મનમાં અડગ સંકલ્પ, આંખોમાં ભવિષ્યના સપના અને હાથમાં પુરુષાર્થની તાકાત હોય, તો પ્રતિકૂળ સંજોગોમાં પણ મહાન સર્જન કરી શકાય છે. આજે ગુજરાત માત્ર ભારતના નકશા પર જ નહિં, પણ સમગ્ર વૈશ્વિક ફલક પર વિકાસ અને સંસ્કૃતિના તેજસ્વી સૂર્ય સમાન ગર્વથી ચમકી રહ્યું છે. આવો, ગુજરાત સ્થાપના દિને આપણે સૌ પ્રતિજ્ઞા લઈએ કે આપણી વિદ્યા, જ્ઞાન અને કૌશલ્ય દ્વારા આ પવિત્ર ભૂમિને વધુ સમૃદ્ધ અને શ્રેષ્ઠ બનાવીશું.

જય જય ગરવી ગુજરાત, ભારત માતા કી જય.

તા. ૦૧ જુન, ૨૦૨૬

(ડૉ. કિશોરસિંહ એન. ચાવડા)
કુલપતિશ્રી

## વિશ્વવિદ્યાલય સમાચાર

### 'વિશ્વવિદ્યાલય સ્થાપના દિન નિમિત્તે રોજગાર ભરતી મેળાનું આયોજન થયું"







તા. ૨૩–૦૫–૨૦૨૬નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે મદદનીશ નિયામક (રોજગાર) કચેરી–સુરત અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના સંયુકત ઉપક્રમે વિશ્વવિદ્યાલયનાં ૬૧માં સ્થાપના દિવસ નિમિતે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરત જિલ્લાની વિવિધ કંપનીઓ તેમજ સંસ્થાઓના પ્રતિનિધિઓની હાજરીમાં વિશ્વવિદ્યાલયનાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવીના વરદ હસ્તે ભરતી મેળો ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં રોજગાર કચેરી, સુરતના મદદનીશ નિયામકશ્રી, કું પારૂલબેન પટેલ, શ્રી બિપિનભાઈ માંગુકીયા, વિશ્વવિદ્યાલય પ્લેસમેન્ટ ઓફિસર દર્શનભાઈ પુરોહિત તથા રોજગાર કચેરીનો સ્ટાફ ઉપસ્થિત રહી કાર્યક્રમને ગૌરવ અપાવ્યો હતો.

આ ભરતી મેળામાં સુરત જિલ્લાની વિવિધ સેકટરની કુલ ૨૪ કંપનીઓએ ભાગ લીધો હતો. જેમાં વિદ્યાદીપ વિશ્વવિદ્યાલય, ધર્મનંદન ડાયમંડ, હરીરામ એન્જિનિયરિંગ , હરી ક્રિષ્ના એક્ષ્પોર્ટ પ્રા.લી. સંદેશ, એક્સિસ બેંક, શુભ લક્ષ્મી વેલ્યુઅર્સ, ધ માનવ વિકાસ અર્બન કો. ઓ. ક્રેડિટ સોસાયટી લિમીટેડ, નાણાવટી ઓટોમોટીવ, અરીહંત ડાયમંડ, શ્રીજી ઓટોમાર્ટ, ખીમજી રામદાસ ઇન્ડિયા પ્રા. લી, જેવી કંપની ઉપસ્થિત રહી હતી, જેમાં આઈ.ટી.કોમર્સ મેનેજમેન્ટ, એન્જિનિયરિંગ, તેમજ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક જેવી લાયકાત ધરાવતા ઉમેદવાર માટે ભરતી મેળામાં હાજર કંપનીઓની ૭૫૮ વેકેન્સી સામે કુલ ૩૫૦ થી વધુ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા, જેમાંથી કુલ ૩૦૫ ઉમેદવારોની એક અથવા એકથી વધારે કંપનીઓમાં પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી. જેમાં ૧૫,૦૦૦ થી ૪૦,૦૦૦ સુધીના પગારની ઓફર કરવામાં આવી. પસંદગી પામેલ ઉમેદવારોને બીજા તબક્કાનાં ઇન્ટરવ્યું માટે કંપની ખાતે બોલાવવામાં આવશે.

### વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ૬૧મા સ્થાપના દિવસની ઉજવણી

















વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે તા. ૨૩/૦૫/૨૦૨૬ના રોજ વિશ્વવિદ્યાલયના ૬૧મા સ્થાપના દિવસની ઉજવણી માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની અધ્યક્ષતામાં ઉત્સાહ અને ગૌરવભેર કરવામાં આવી હતી. કાર્યક્રમ બાયોટેકનોલોજી વિભાગના સેમિનાર હોલ ખાતે યોજાયો હતો. જેમાં વિશ્વવિદ્યાલયના શૈક્ષણિક, સંશોધન, સાંસ્કૃતિક તથા સામાજિક ક્ષેત્રે થયેલા યોગદાનને યાદ કરવામાં આવ્યું હતું.

સાથે જ માનનીય વડાપ્રધાનશ્રીની "રાષ્ટ્ર પ્રથમ, સુવિધા કરતા કર્તવ્ય મહાન"ની અપીલને ધ્યાનમાં રાખીને કાર્યક્રમનું આયોજન ઓનલાઈન માધ્યમથી પણ કરવામાં આવ્યું હતું, જેથી વધુમાં વધુ લોકો કાર્યક્રમ સાથે જોડાઈ શકે. કાર્યક્રમ દરમિયાન વિશ્વવિદ્યાલયમા ગૌરવસભર વિકાસપ્રવાસ, વિવિધ શૈક્ષણિક સિદ્ધિઓ તથા સમાજલક્ષી પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત માહિતી રજૂ કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ ખાતે સ્થિત "સ્વ. પંકજ પટવા કોમ્પ્યુટર લેબ"ના દાતાશ્રીઓ શ્રી મનીષ રાજમલ પાતવા તથા શ્રી અનીલ કુમાર મહેંદીત્તા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી દ્વારા ઉપસ્થિત મહાનુભાવો, શિક્ષકગણ, કર્મચારીઓ અને વિદ્યાર્થીમિત્રોના શાબ્દિક સ્વાગત સાથે કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન વિશ્વવિદ્યાલયના આસિસ્ટન્ટ કુલસચિવશ્રી ડૉ. એચ. ડી. વાઘેલાએ વિશ્વવિદ્યાલયના ગૌરવશાળી વિકાસપ્રવાસ, નવી શિક્ષણ નીતિ અંતર્ગત હાથ ધરાયેલી પહેલો, ટેક્નોલોજી આધારિત શિક્ષણ વ્યવસ્થા, સંશોધન પ્રવૃત્તિઓ તથા વિદ્યાર્થી કેન્દ્રિત યોજનાઓ સહિત વિશ્વવિદ્યાલયનો વિસ્તૃત પરિચય આપ્યો હતો. આ પ્રસંગે વિવિધ પુસ્તકોનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. સાથે જ ભવિષ્યમાં વિશ્વવિદ્યાલયને વધુ પ્રગતિના શિખરો સુધી પહોંચાડવા માટેના વિકાસલક્ષી આયોજન અંગે પણ વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ પોતાના સંબોધનમાં વિશ્વવિદ્યાલયના ૬૧ વર્ષના ગૌરવસભર ઇતિહાસને યાદ કરી શિક્ષણ સાથે સંસ્કાર, સંશોધન, નવીનતા અને સામાજિક જવાબદારીના મૂલ્યોને વધુ મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે વિશ્વવિદ્યાલયને રાષ્ટ્રીય તેમજ વૈશ્વિક સ્તરે વધુ પ્રતિષ્ઠિત બનાવવાના સંકલ્પ સાથે સૌને સંયુક્ત પ્રયાસો માટે પ્રેરિત કર્યા હતા.

આ કાર્યક્રમમાં વિવિધ કોલેજોના સંચાલક મંડળોના સભ્યશ્રીઓ, આચાર્યશ્રીઓ, બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રીઓ, એક્ઝીક્યુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓ, ડીનશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, કર્મચારીગણ તેમજ મોટી સંખ્યામાં NSS, NCCના સ્વયંસેવકો અને સ્પોર્ટ્સના વિદ્યાર્થીમિત્રો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ તેઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. અંતમાં વિશ્વવિદ્યાલયના નાયબ કુલસચિવ ડૉ. નરેન્દ્ર પટેલે આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમ ગૌરવ, પ્રેરણા અને ઉત્સાહના માહોલ વચ્ચે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## પીએચ.ડી.




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કર્મચારી તરીકે ફરજ બજાવતા સુશ્રી દેવલ ખુશમનલાલ એન્જિનિયર (પટેલ)એ સમાજશાસ્ત્ર વિભાગમાં 'મહાનગરમાં અનૂસૂચિત જનજાતિની મહિલાઓમાં સશકિતકરણ: એક સમાજશાસ્ત્રીય અભ્યાસ (સુરત શહેરનાં સંદર્ભમાં)' વિષય પર સંશોધન કાર્ય પૂર્ણ કરી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. તેમણે પોતાના સંશોધન કાર્યમાં સુરત શહેરમાં અન્ય વિસ્તારોમાંથી આવી વસવાટ કરનાર આદિવાસી મહિલાઓના સામાજિક, શૈક્ષણિક, આર્થિક તથા રાજકીય ક્ષેત્રે થયેલા સશકિતકરણનો વિસ્તૃત સમાજશાસ્ત્રીય અભ્યાસ કર્યો છે. સંશોધન દરમિયાન મહિલાઓની શિક્ષણ પ્રત્યેની જાગૃતિ, રોજગાર અને સ્વરોજગારની તકો, સામાજિક પરિવર્તન, જીવનશૈલીમાં આવેલા બદલાવ તેમજ સ્થાનિક સ્તરે નિર્ણય પ્રક્રિયામાં તેમની ભાગીદારી જેવા વિવિધ પાસાઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. આ અભ્યાસ દ્વારા મહાનગરોમાં વસતા આદિવાસી સમાજની મહિલાઓના જીવનમાં આવેલા પરિવર્તનો અને પડકારોને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી રજૂ કરવામાં આવ્યાં છે. આ સંશોધન કાર્ય તેમણે સમાજશાસ્ત્ર વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષ ડૉ. મધુભાઈ ગાયકવાડના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યુ હતું. આ સિદ્ધિ બદલ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. આર.સી. ગઢવી દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## Department of Comparative Literature

### 'અખિલ ભારતીય મહર્ષિ વાલ્મીકિ સમારોહ સંસ્કૃત સાહિત્યના આદિકવિઃ મહર્ષિ વાલ્મીકિ'










ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર દ્વારા પ્રેરિત તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના તુલનાત્મક સાહિત્ય વિભાગ દ્વારા આયોજિત ત્રિદિવસીય રાષ્ટ્રીય સંગોષ્ઠિ 'અખિલ ભારતીય મહર્ષિ વાલ્મીકિ સમારોહ'નું તા. ૧૧, ૧૨ અને ૧૩ માર્ચ ૨૦૨૬ના રોજ ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતું. આ સમારોહનો મુખ્ય વિષય "સંસ્કૃત સાહિત્યના આદિકવિઃ મહર્ષિ વાલ્મીકિ" રાખવામાં આવ્યો હતો. આ ત્રિદિવસીય જ્ઞાનયજ્ઞે સંસ્કૃત સાહિત્ય અને ભારતીય સંસ્કૃતિના ગૌરવને ઉજાગર કર્યું.

તા. ૧૧ માર્ચના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે ઉદ્‌ઘાટન સત્રનો પ્રારંભ વૈદિક મંત્રોચ્ચાર સાથે દીપ પ્રાગટ્ય, મંગલ પ્રાર્થના અને વિશ્વવિદ્યાલય ગીતથી કરવામાં આવ્યું. તુલનાત્મક સાહિત્ય વિભાગના અધ્યક્ષ તથા વિશ્વવિદ્યાલય નોડલ ઓફિસર ડૉ. મુકેશ વસાવા દ્વારા હાર્દિક શાબ્દિક ઉદબોધન કરવામાં આવ્યું. માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબ તથા માનનીય કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી સાહેબ દ્વારા આશીર્વચન આપીને કાર્યક્રમને ગૌરવ પ્રદાન કર્યું. મુખ્ય અતિથિ શ્રી હિમાંજય કમલાશંકર પાલીવાલ સાહેબે સંસ્કૃત ભાષાની મહિમા તથા ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના ઉદ્દેશ્યોનું સુંદર નિરૂપણ કર્યું.

પ્રથમ સત્રમાં વક્તા તરીકે ડૉ. રામનાથ ઝા ઉપસ્થિત રહ્યા અને તેમણે રામાયણના આધ્યાત્મિક, નૈતિક અને સાંસ્કૃતિક મહત્વને ગહન રીતે રજૂ કર્યું. સમગ્ર સત્રનું સંચાલન ડૉ. અર્ચના પટેલ અને ડૉ. શૈલેષ ઝાલા દ્વારા સુવ્યવસ્થિત રીતે કરવામાં આવ્યું, જ્યારે આભારવિધિ ડૉ. કલ્પના પરમાર દ્વારા વ્યક્ત કરવામાં આવી.

દ્વિતીય સત્રમાં ડૉ. જયકાંતસિંહ શર્મા અને ડૉ. કૃષ્ણકુમાર ભાર્ગવના જ્ઞાનવર્ધક પ્રવચનોએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા. આદિકવિ મહર્ષિ વાલ્મીકિ વિશે ચર્ચા કરતા મહાનુભાવોએ જણાવ્યું હતું કે, રામાયણના રચિયતા તરીકે તેમણે વિશ્વને આદર્શ જીવનશૈલી અને નૈતિક મૂલ્યોની ભેટ આપી છે. તેમના સાહિત્યમાં રહેલી કરુણા અને આદર્શો આજે પણ પ્રસ્તુત છે. સત્રનું સંચાલન ડૉ. કલ્પના પરમાર તથા આભારવિધિ ડૉ. વૈશાલી ડોડિયા દ્વારા કરવામાં આવી.

તા. ૧૧ માર્ચની સાંજે સંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં શાંભવી વિદ્યાપીઠની વિદ્યાર્થિનીઓએ સંસ્કૃત સ્વાગતગીત, ગરબા, નૃત્યનાટિકા અને નાટ્ય પ્રસ્તુતિઓ દ્વારા સૌને મંત્રમુગ્ધ કરી દીધા. આ સાંસ્કૃતિક રંગતીએ કાર્યક્રમને જીવંત અને સ્મરણીય બનાવી દીધો.

તા. ૧૨ માર્ચના દ્વિતીય દિવસે ડૉ. રવિન્દ્ર ખાંડવાલા, ડૉ. નિલિમ્પ ત્રિપાઠી અને ડૉ. અભિલાષા દ્વિવેદીના વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનો દ્વારા કાર્યક્રમને જ્ઞાનની ઊંડાણભરી દિશા મળી. દ્વિતીય સત્રમાં વિવિધ સંસ્થાઓમાંથી આવેલા સંશોધકોએ પોતાના સંશોધનપત્રો રજૂ કર્યા. જેમાં અધ્યક્ષપદે ડૉ. સુરવીરસિંહ ઠાકોર, ડૉ. મહેન્દ્ર ત્રિવેદી, ડૉ. પુનિતાબેન પટેલ, ડૉ. ભાવનાબેન ચંપાનેરી, ડૉ. આનંદ પંડયા અને ડૉ. જયદેવ રાજ્યગુરુ રહ્યાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. વૈશાલી ડોડિયા અને આભારવિધિ પ્રો. વૈભવ શુકલ દ્વારા કરવામાં આવી.

૧૩ માર્ચ તૃતીય દિવસે ડૉ. સંતોષકુમાર શુકલ અને ડૉ. ઓમનાથ બિમલીએ પોતાના પ્રેરણાદાયી વક્તવ્યોથી શ્રોતાઓને અભિભૂત કર્યા. સત્રનું સંચાલન ડૉ. નિર્મળા પટેલ દ્વારા તથા આભારવિધિ ડૉ. અનિલ પી. ગામિત દ્વારા કરવામાં આવી.

સમાપન સત્રમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબ તથા માનનીય કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી સાહેબે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ તથા તુલનાત્મક સાહિત્ય વિભાગના આ ઉત્તમ આયોજનની હૃદયપૂર્વક પ્રશંસા કરી. સમારોહમાં ઉપસ્થિત તમામ પ્રતિભાગીઓને પ્રમાણપત્રો અર્પણ કરીને કાર્યક્રમનું ગૌરવપૂર્ણ સમાપન કરવામાં આવ્યું. સમગ્ર સમારોહનું સંચાલન ડૉ. અર્ચના પટેલ દ્વારા અને અંતિમ આભારવિધિ ડૉ. શૈલેષ ઝાલા દ્વારા કરવામાં આવી.

આ ત્રિદિવસીય સમારોહમાં મોટી સંખ્યામાં સંસ્કૃત વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો, પી.એચ.ડી સંશોધન કર્તાઓ, સંસ્કૃત ઉપાસકો ઉપસ્થિત રહ્યાંહતાં.આ સમારોહ માત્ર એક કાર્યક્રમ નહોતો, પરંતુ સંસ્કૃત ભાષા, ભારતીય પરંપરા અને જ્ઞાનની ગંગાનો પવિત્ર પ્રવાહ હતો, જેણે તમામ ઉપસ્થિતોના હૃદયમાં ચિરંજીવ છાપ મૂકી.

## વિદાય સમારંભ






વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના તુલનાત્મક સાહિત્ય વિભાગમાં તા.૧/૦૪/૨૦૨૬ બુધવારના રોજ વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એમ.એ.સેમેસ્ટર–૪ના વિદ્યાર્થીઓને ભાવભીની વિદાય આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સેમેસ્ટર–૨ના વિદ્યાર્થીઓએ સેમેસ્ટર–૪ના વિદ્યાર્થીઓને ભેટ આપીને તેમનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ દિપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં સેમેસ્ટર–૨ અને ૪ના વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમો જેમાં ગીત, નૃત્ય વગેરે રજૂ કરી કાર્યક્રમને આનંદમય બનાવ્યો. આ ઉપરાંત બંને સેમેસ્ટરના વિદ્યાર્થીઓએ વર્ષ દરમ્યાનના પોતાના અભિપ્રાયો રજૂ કર્યા હતા. જેમાં વિભાગના અધ્યક્ષ ડૉ. મુકેશ વસાવા સાહેબ તથા અધ્યાપકશ્રીઓ ડૉ. મનીષ પટેલ, ડૉ. જ્યોતિ સિંગ, ડૉ. અનિલ ગામીત, ડૉ. અર્ચના પટેલ, ડૉ. કલ્પના પરમાર, ડૉ. વૈશાલી ડોડીયા, ડૉ. નિર્મળા પટેલ, ડૉ. શૈલેષ ઝાલા, ડૉ. દિનેશ ચૌહાણ, પ્રા. વૈભવ શુકલ તથા સ્ટાફગણે વિદ્યાર્થીઓને આશીર્વચનો આપ્યા હતા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ કાર્યક્રમના સંયોજક તુલનાત્મક સાહિત્ય વિભાગના વિદ્યાર્થીઓએ કાર્યક્રમની ભૂમિકા બાંધી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન દિવ્યા પાંડે, જયા ચોરસિયા તથા ભાવના પટેલ દ્વારા કરવામાં આવ્યુ હતું. અને કાર્યક્રમની આભારવિધિ શાહુ પપ્પુએ કરી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પોતાના મંતવ્યો દ્વારા પોતાની કૃતજ્ઞતા વ્યકત કરી હતી અને વિવિધ કૃતિઓ રજૂ કરી સૌનું મનોરંજન કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## મહાવિદ્યાલય સમાચાર

### એસ. બી. ગાર્ડા આર્ટ્સ એન્ડ પી. કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી.

#### GCAS દ્વારા વિદ્યાર્થી જાગૃતતા અભિયાનનું આયોજન



ગાર્ડા કૉલેજમાં ગુજરાત કોમન એડમિશન સર્વિસિસ, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા ધોરણ-૧૨ પાસ કરેલ વિદ્યાર્થીઓ માટે પ્રવેશ સંબંધી કાર્યવાહી કરવા અંગે વિદ્યાર્થી જાગૃતતા અભિયાનનું તા. ૧૧/૦૫/૨૦૨૬ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, વાંસદાના એકાઉન્ટનસી વિભાગના અધ્યાપક ડૉ. ગૌતમ આર. ગાયકવાડ તજજ્ઞ તરીકે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. ધર્મવીર એમ. ગુર્જર, ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશ જે. પટેલ અને અન્ય અધ્યાપકો હાજર રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશ જે પટેલના આવકાર પ્રવચનથી થઈ હતી. ત્યારબાદ ઉપસ્થિત ગાયકવાડ સાહેબનું પુષ્પગુચ્છ દ્વારા ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશ જે પટેલે સ્વાગત કર્યું હતું. ગાયકવાડે વિદ્યાર્થીઓને જીકાસ પોર્ટલની ખાસિયતો, જીકાસ પોર્ટલ પર કેવી રીતે અરજી કરવી, ફોર્મ ભરતી વખતે કઈ કાળજી રાખવી, કેવી રીતે અપગ્રેડ રહેવું વગેરે બાબતોથી માહિતગાર કરી વિશેષતઃ વિદ્યાર્થીઓના પ્રશ્નોનું સમાધાન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ડૉ. તેજસ મિસ્ત્રી દ્વારા કરવામાં આવી હતી.

### અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લિશ મીડીયમ કૉલેજ, સુરત.

#### સિદ્ધિ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત ઇન્ટર કૉલેજ પાવરલિફ્ટિંગ (પુરુષ) સ્પર્ધામાં અગ્રવાલ વિદ્યાવિહાર ઇંગ્લિશ મિડિયમ કૉલેજના વિદ્યાર્થીઓએ ઉત્તમ પ્રદર્શન કરી કૉલેજનું ગૌરવ વધાર્યું. કૉલેજના એસ.વાય.બી.એ.ના વિદ્યાર્થી પ્રસૂન ઉપાધ્યાયે ૭૪ કિગ્રા કેટેગરીમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી વિજય હાંસલ કર્યો છે. જ્યારે એફ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થી સુજલ પારેખે ૬૬ કિગ્રા કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ મેળવી નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે. વિદ્યાર્થીઓની આ સફળતા બદલ ટ્રસ્ટના અધ્યક્ષશ્રી સંજય સરાવગી, મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈ, આચાર્ય ડૉ. ગૌતમ દુઆ અને કૉલેજના પ્રાધ્યાપકોએ વિદ્યાર્થીઓના ઉત્સાહ, મહેનત અને રમત પ્રત્યેની લગનને બિરદાવી તેમની ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.



### શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયા.

#### "ગુજરાત સ્થાપના દિવસ અને આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ ક્વિઝ-૨૦૨૬"નું ઓનલાઈન આયોજન

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ, વાલિયામાં તા. ૦૧/૦૫/૨૦૨૬ના રોજ અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા 'ગુજરાત સ્થાપના દિન અને આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ ક્વિઝ-૨૦૨૬'નું ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં ગુજરાત રાજ્યની સ્થાપના, Mahagujarat Movement, આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ તથા Haymarket Affair જેવી ઐતિહાસિક ઘટનાઓ વિશે જ્ઞાન અને જાગૃતિ વિકસાવવાનો હતો. સાથે સાથે વિદ્યાર્થીઓમાં સામાજિક-આર્થિક સમજ, વિશ્લેષણાત્મક દ્રષ્ટિકોણ અને રાષ્ટ્રીય મૂલ્યો પ્રત્યે સંવેદનશીલતા વિકસે તે માટે આ પ્રવૃત્તિ યોજવામાં આવી હતી. આ ક્વિઝ Google Form માધ્યમથી આયોજન કરવામાં આવ હતી અને તેની માહિતી વિદ્યાર્થીઓ સુધી Whatsapp Group તથા અન્ય ઓનલાઈન માધ્યમો દ્વારા પહોંચાડવામાં આવી હતી. ક્વિઝમાં FYBA, SYBA, TYBA તેમજ MAના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કુલ ૭૮ વિદ્યાર્થીઓએ નોંધણી કરીને ક્વિઝ પૂર્ણ કરી હતી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓમાં જ્ઞાનપ્રાપ્તિ માટે ઉત્સાહ અને સ્પર્ધાત્મક ભાવના જોવા મળી હતી. ક્વિઝ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર તમામ વિદ્યાર્થીઓને E-Certificate આપવામાં આવ્યાં હતાં.

આ કાર્યક્રમના પરિણામ વિદ્યાર્થીઓમાં ગુજરાતના ઇતિહાસ, મંજૂર આંદોલનો અને સામાજિક આર્થિક મુદ્દાઓ અંગે જ્ઞાનમં વધારો થયો હતો. વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય મહત્વના દિવસો ઉજવણી જાગૃતિ જોવા મળી હતી. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓ કેન્દ્રિત અને જ્ઞાનવર્ધક પ્રવૃતિ તરીકે સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. આ ક્વિઝનું આયોજન અને સંચાલન અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. ડૉ. દિલાવરખાન પઠાણ અને એડહોક પ્રાધ્યાપક શિતલ ડી. મિસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

## વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય

### Footfall : Dt. 01-05-2026 to 31-05-2026

| Detail | Description | May-2026 | |
|---|---|---|---|
| User | Visitors | 1089 | |
| | Internet Lab User | 0 | |
| Registered Members | BoM/EC Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 0 | |
| | UG/PG Students | 3 | |
| | Research Scholars | 7 | |
| | Non Teaching Staff | 0 | |
| | Visitors | 4 | |
| | E-resource User | 0 | |
| | Total | | 1103 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| May-2026 | 49 | 60 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર: ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | May-2026 | 24 |

Sources: Ms. Namrata Shingodawala, Lab Assistant, Computer Lab.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | May-2026 | 22 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | May-2026 | 24 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. Gaurang D. Rami**
Professor & Head, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. Rameshdan C. Gadhvi**
The Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, વિશ્વવિદ્યાલય ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in